For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### પંચમહાલમાં ગેરરીતિથી સંખ્યાબંધ નિકાહ સર્ટિ ઇસ્યુ થતાં સરકાર સતર્ક બની

# વિધેયકમાં સુધારો: ગુજરાતમાં માતા-પિતાની સહમતિ વગર લગ્ન નહીં થાય

**ગુજરાત** મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ 2006માં ઐતિહાસિક સુધારો

**વિધાનસભામાં** ડે સીએમ હર્ષ સંઘવીએ જાહેરાત કરી

ગાંધીનગર : ગુજરાત વિધાનસભામાં આજે દીકરીઓના હિત અને સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે. ડે સીએમ હર્ષ સંઘવીએ ગુજરાત વિધાનસભામાં નવી જાહેરાત કરતાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ 2006માં મહત્વપૂર્ણ સુધારા લાવી રહી છે, જેના અંતર્ગત હવે લગ્ન નોંધણી પ્રક્રિયામાં માતા-પિતાની જાણ અને સહમતી અનિવાર્ય બનાવવામાં આવશે.

...અનુસંધાન પાના 9 પર

### લગ્નની નોંધણી માટે અલગ પોર્ટલ બનશે

આ સુધારાઓ અંતર્ગત લગ્ન નોંધણી માટે અલગથી એક વિશેષ પોર્ટલ તૈયાર કરવામાં આવશે, જેમાં નોંધણી વખતે માતા-પિતાને સત્તાવાર રીતે જાણ કરવામાં આવશે.સરકારે આ સૂચિત નિયમો અંગે રાજ્યના નાગરિકો પાસેથી 30 દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. આ માટે એક કમિટીની રચના કરવામાં આવી છે, જે બંધારણીય મર્યાદામાં રહીને મળેલા સૂચનો પર વિચારણા કરશે અને જરૂરી સુધારાઓ સાથે અમલમાં મૂકાશે. નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર સનાતન પરંપરા અને દીકરીઓના સન્માનની રક્ષા માટે કટિબદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે દીકરીઓની સુરક્ષા, પરિવાર પ્રણાલી અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે આ સુધારા લાવવામાં આવી રહ્યા છે.

### ગુજરાત મેરેજ રજિસ્ટ્રેશન એક્ટ-2006માં સુધારાના મહત્વના મુદ્દા

- હવે લગ્ન નોંધણી વખતે માતા-પિતાની જાણ અને સહમતી અનિવાર્ય રહેશે.
- લગ્ન નોંધણી માટે અલગથી વિશેષ પોર્ટલ બનાવવામાં આવશે.
- ઓળખ છુપાવીને થતા લગ્નો, છેતરપીંડી અને બળજબરી સામે કડક પગલાં લેવાશે.
- પંચમહાલ જિલ્લામાં ગેરરીતિથી ‘નિકાહ’ સર્ટિફિકેટ ઇશ્યૂ થયાના મામલે તપાસ કરીને કાર્યવાહી કરાઇ.
- સૂચિત નિયમો અંગે 30 દિવસ સુધી નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા.

**હવે લગ્નની અરજી માટે આ કરવું પડશે**

(1) અરજીમાં વર-વધુ અને બે સાક્ષીઓના ફોટા સહી નોટરી સાથે ફરજિયાત
(2) અરજદારોના ડ્રાઈવિંગ લાયસન્સ, પાસપોર્ટ, ફોટો ઓળખ પત્રના કોઇપણ પૂરાવા
(3) વર-વધૂ અને સાક્ષીઓના આધાર કાર્ડ, જન્મદાખલો અથવા LC
(4) કંકોત્રી, આમંત્રણ પત્રિકા, લગ્નવિધીના ફોટા
(5) વર-વધૂ દ્વારા તેમના માતા-પિતાને લગ્ન બાબતે જાણ કરેલ છે કે કેમ, તે અંગેનું ડિક્લેરેશન.
(6) વરવધુના માતાપિતાનું પુરુ નામ, સરનામું, આધારકાર્ડ અને મોબાઇલ નંબર
(7) આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર દ્વારા ખાતરી થયા વર-વધુના માતા-પિતાને જાણ કરવામાં આવશે

# કપરાડામાં ટ્રકમાં કાર ઘૂસતાં 7નાં મોત

**અકસ્માત** એટલો ભયંકર હતો કે, ઈકો કારનો ભુક્કો બોલી ગયો, મૃતકો પૈકી 6 લોકો આંબા જંગલ ગામના

**અકસ્માતમાં** જીવ ગુમાવનારામાં બે મહિલા ઉપરાંત પતિ-પત્નીના પણ કરૂણ મોત નિપજ્યા

**કપરાડા** પોલીસ અને સ્થાનિકોએ ભારે જહેમત બાદ કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢી પી.એમ.માટે ખસેડ્યા



વલસાડ : ગુજરાતને મહારાષ્ટ્ર સાથે જોડતા નેશનલ હાઈવે નંબર 848 ઉપર કપરાડા નજીક અકસ્માત ઝોન કુંભઘાટ નજીક શુક્રવારે ટ્રક અને ઈકો વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં કુલ 7 લોકોના મોત થયા છે. જેમાં એકજ પરિવારના ત્રણ સભ્યોનો સમાવેશ થાય છે. મૃતકો પૈકી 6 લોકો આંબા જંગલ ગામના હોય સમગ્ર ગામમાં શોકની કાલિમા ફેલાઈ ગઈ હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે, ઈકો કારના ભુક્કા બોલી ગયા હતાં.

કપરાડા પોલીસે પહોંચી

...અનુસંધાન પાના 9 પર

### ઈકોનો કચ્ચરઘાણ નીકળી ગયો

અકસ્માત અંગે મળતી વિગતો મુજબ, ઈકો કાર કપરાડાથી નાનાપોંઢા તરફ જઈ રહી હતી તે સમયે કુંભઘાટ નજીક માર્ગની બાજુમાં એક ટ્રક બ્રેકડાઉન હોય ઈકો કાર ચાલકે વાહન ધીમું કર્યું હોય અને તે સમયે પાછળથી પૂરપાટ આવતી ટ્રકે ઈકોને ધડાકાભેર ટક્કર મારતા ઈકોના કચ્ચરઘાણ નીકળી ગયો હોવાનું જાણવા મળ્યું છે.




### 500 મીટરે બમ્પ બનાવવા રજૂઆત કરાશે

દુર્ઘટના અટકાવવા બાબતે ચૌધરીએ જણાવ્યું હતું કે, વર્ષો અગાઉ બે-ત્રણ ઘટના બની એ વખતે અમે ધ્યાનમાં દોરેલો અને ત્યારે વચ્ચે વચ્ચે 500-500 મીટર પર બમ્પર બનાવેલા. એ જ પ્રમાણે અત્યારે અત્યાર સુધી રસ્તો આખો ચોમાસા દરમિયાન રસ્તો ખરાબ હતો. અત્યારે જ રસ્તાનું કામ શરૂ થયું છે, એટલે હવે રસ્તો જે બને એના સાથે જ એને કેવી રીતે મોટા 500- 500 મીટર ઉપર જે ઉતરવાની સાઈડ છે ત્યાં બનાવવા જોઈએ.

...અનુસંધાન પાના 9 પર

### મોતને ભેટેલા હતભાગીઓ

1. ક્રિષ્ના માહદુ ગાંગોડા (ઉ 61)
2. વિનોદ અનાજી રાવુત (ઉ.32)
3. ગણેશ લાહચા મિશાલ (ઉ.33)
4. નરેશ કિશન પવાર (ઉ.29)
5. શિવરામ લાછી માંગી (ઉ.34)
6. રમીલા શિવરામ માંગી (ઉ.31 તમામ રહેવાસી આંબા જંગલ ગામ, તા.કપરાડા)
7. દીપવંતી ઝહીરામ (ઉ. 20 પિપરોટી ગામ)

# સ્મીમેરમાં મેડિકલમાં લોકલ ક્વોટા મુદ્દે CMને રજૂઆત કરાશે: મેયર

**મ્યુનિ.** કમિશનર એમ. નાગરાજને પણ વહીવટી સ્તરે આ મુદ્દે તાત્કાલિક અભ્યાસ શરૂ કર્યો

**દસ્તાવેજોની** સમીક્ષા બાદ સરકાર સમક્ષ મજબૂત રજૂઆત કરીશું: સ્થાયી ચેરમેન રાજન પટેલ

સુરતઃ શહેરના કરદાતાઓના ટેક્ષમાંથી દર વર્ષે અંદાજે રૂ. ૩૦૦થી ૪૦૦ કરોડનો ખર્ચ થતી મનપા સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજમાં લોકલ ક્વોટાની બેઠકો વર્ષોથી યથાવત રહેતાં પ્રશ્નો ઊભા થયા છે. કુલ બેઠકો ૧૦૦માંથી વધીને ૨૫૦ થઈ હોવા છતાં સુરતના વિદ્યાર્થીઓ માટે ૭૦ બેઠકનો જ ક્વોટો હોવાના મુદ્દે હવે રાજકીય સ્તરે પણ હલચલ શરૂ થઈ છે. મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પણ આ સુરતના વિદ્યાર્થીઓ સામે અન્યાય હોવાનું સ્વીકારી રહ્યા છે. શાસકોએ લોકલ ક્વોટા વધારવાની દિશામાં તમામ પગલા લેવાનું કહેતા સુરતના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એક નવા આશાવાદનો સંચાર થયો છે.

સ્મીમેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓને થઈ રહેલા અન્યાય મુદ્દે મેયર દક્ષેશ માવાણી સાથે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, આ મુદ્દો તેમના ધ્યાનમાં આવ્યો છે અને શહેરના હિતને ધ્યાનમાં રાખીને રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવશે. મેયરે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૮માં ૧૦૦ બેઠકો હતી ત્યારે ૭૦ બેઠકનો લોકલ ક્વોટો નક્કી થયો હતો. હવે કુલ બેઠકો ૨૫૦ થઈ ગઈ છે તો એ

...અનુસંધાન પાના 9 પર

### તમામ ઠરાવો અને પત્રવ્યવહાર મંગાવ્યાઃ રાજન પટેલ

સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે જણાવ્યું કે અગાઉ ૧૦૦ બેઠક સામે ૭૦ બેઠકનો લોકલ ક્વોટા મંજૂર થયો હતો, પરંતુ હાલની ૨૫૦ બેઠકોની સંખ્યાને ધ્યાનમાં લેતાં સ્થાનિક વિદ્યાર્થીઓને વધુ બેઠક મળવી જોઈએ. તેમણે જણાવ્યું, મે તમામ સંબંધિત દસ્તાવેજો મંગાવ્યા છે. વર્ષો દરમ્યાન થયેલા ઠરાવો, રાજ્ય સરકાર સાથે થયેલો પત્રવ્યવહાર અને અન્ય વિગતોની સમીક્ષા કરીશું. ત્યારબાદ વિધિવત રીતે સરકાર સમક્ષ માંગણી મૂકી સુરતના વિદ્યાર્થીઓને થતો અન્યાય દૂર કરવા પ્રયાસ કરાશે.

### વિસંગતતા હશે તો ચોક્કસ ફેરવિચારણાઃ કમિશનર એમ. નાગરાજન

મનપા કમિશનર એમ. નાગરાજને પણ શાસકોના સુરમાં સુર પુરાવ્યો છે. તેમણે જણાવ્યું કે સુરતના વિદ્યાર્થીઓને વધુ લાભ મળવો જોઈએ અને જો કોઈ વિસંગતતા હશે તો ચોક્કસ ફેરવિચારણા કરવામાં આવશે. મને હજુ એક મહિનો જ થયો છે, પરંતુ આ મુદ્દો મારા ધ્યાનમાં આવ્યો છે. આ બાબતે અમદાવાદ મહાનગર

...અનુસંધાન પાના 9 પર

### મનપા દ્વારા ક્યારે સત્તાવાર ઠરાવ પસાર કરાશે તેની પર સૌની નજર

શહેરના નાગરિકોનું કહેવું છે કે જ્યારે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ સુરતના લોકોના ટેક્ષમાંથી થાય છે, ત્યારે સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રમાણસર હક મળવો જોઈએ. હવે નજર એ બાબત પર છે કે મનપા દ્વારા ક્યારે સત્તાવાર ઠરાવ પસાર કરી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવે છે અને શું સુરતના વિદ્યાર્થીઓને વધારાનો લોકલ ક્વોટો મળશે કે નહીં.

# પંદર લાખની લાંચમાં ઝોનલ ગણેશવાલા-વચેટિયો ભેરવાયા

**લિંબાયતમાં** સંતોષ સબ ઈન્ડ.માં ગેરકાયદે બાંધકામ નહીં તોડવા 21 લાખની લાંચ માંગી, 15 લાખમાં નક્કી કર્યું

4 લાખનો પ્રથમ હપ્તો લેવા મળતિયા તોડબાજ કથિત પત્રકાર પરવાના ઉર્ફે મો. ઇસ્માઇલને મોકલ્યો અને એસીબીએ ટ્રેપ ગોઠવી

સુરતઃ શહેરના નાગરિકોને બાંધકામના નામે દબાવી લાખોની ઉઘરાણી કરવાના કૌભાંડમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના વર્ગ-1ના કાર્યપાલક ઇજનેર વિપુલ શશીકાંતભાઇ ગણેશવાલા અને ‘નિષ્પક્ષ ગુજરાત પત્રિકા’ સાથે સંકળાયેલા પત્રકાર મોહમ્મદ

...અનુસંધાન પાના 9 પર


ગણેશવાલા


પરવાના

### ACB પાસે પૂરતા પુરાવા છે : પીઆઇ ચૌધરી

લિંબાયતમા ACB ટ્રેપ દરમિયાન આરોપી પરવાના પઠાણે ચતુરાઈપૂર્વક પોલીસને ચકમો આપ્યો હતો. ઓફિસ બહાર શંકાસ્પદ લોકોની હિલચાલ નજરે પડતાં તેણે સીસીટીવી કેમેરા મારફતે પરિસ્થિતિનો અંદાજ મેળવી લીધો હતો. ત્યારબાદ ફરિયાદી પાસેથી 4 લાખ રૂપિયાની લાંચ સ્વીકારી “એક્ટિવા આપ, હું પાંચ-દસ મિનિટમાં આવી જાઉં” કહી સ્થળ પરથી એક્ટિવા લઈને ફરાર થઈ ગયો હતો. ફરિયાદી લાંબા સમય સુધી રાહ જોતો રહ્યો છતાં આરોપી પરત ન ફરતાં બાદમાં તેણે ફોન કર્યો હતો પરંતુ આરોપીએ આવવાનો ઇનકાર કર્યો હતો. પીઆઈ આર.એચ. ચૌધરીએ જણાવ્યું કે આરોપી સામે લાંચ લેવાની સમગ્ર પ્રક્રિયાનાં ઓડિયો-વિડિયો પુરાવા પોલીસ પાસે છે.

### પૂર્વ કોર્પોરેટરનું બે માળનું બાંધકામ તોડ્યું અને આજ મિલકત વેચતા બાદમાં ચાર માળની બની ગઈ

લિંબાયતમાં એજન્ટ રાજનો ભોગ ભાજપના જ સીનીયર નેતાઓ પણ બન્યા હોવાનો ખુલાસો થયો છે. ભાજપના પુર્વ કોર્પોરેટર અને હાલના શિક્ષણ સમિતિના સભ્ય સંજય પાટીલે સોશિયલ મીડીયામાં એક પોસ્ટ મુકી છે કે, જેમા લખ્યુ છે કે ‘આ વ્યકિતએ કોઇને છોડયા નથી, ભોગ બનેલા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા.

...અનુસંધાન પાના 9 પર

### વચેટિયો પરવાના પઠાણ પોલીસ કસ્ટડીમાંથી પણ ભાગી છૂટ્યો હતો

મોહમ્મદ ઇસ્માઇલ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણ (ઉં.વ.40) લિંબાયત વિસ્તારમાં માથાભારે તરીકે ઓળખાય છે. તેની સામે ખંડણી અને ગુનાહિત ધમકી જેવા ગુનાઓ નોંધાયેલા છે. લિંબાયત પોલીસ સ્ટેશનમાં બે અને સુરત રેલવે પોલીસમાં એક મળી કુલ ત્રણ ગુના દાખલ થયા છે. નોંધનીય છે કે એક

...અનુસંધાન પાના 9 પર

### ACBએ ગણેશવાળાના ઘરે રેડ કરી 16 લાખની સંપત્તિ સીઝ કરી

ભટાર વિસ્તારમાં વિપુલ ગણેશવાળાના નિવાસસ્થાને એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન મકાનમાંથી અંદાજે 16 લાખ રૂપિયાની મિલકત, જેમાં રોકડ રકમ તથા વાહનોનો સમાવેશ

...અનુસંધાન પાના 9 પર

# સવારે ચોમાસું, બપોરે ઉનાળો, રાત્રે શિયાળો

**વહેલી** સવારે કમોસમી વરસાદથી લગ્ન મંડપ પલળ્યા, પાર્ટી પ્લોટ ઉપર કીચડ

**કેરી** પકવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો

સુરતઃ સુરત જિલ્લામાં માવઠાની આગાહી વચ્ચે 20 ફેબ્રુઆરીની વહેલી સવારે અચાનક વાતાવરણમાં મોટો પલટો આવ્યો હતો. સવારે માવઠું પડ્યું ને બપોરે તાપમાન વધતાં ઉનાળાનો અનુભવ થયો હતો. સાંજે ઉત્તરના પવનોને લઈ શિયાળાની આંશિક ઠંડી અનુભવાઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ રાજ્યમાં હાલ ત્રણ અલગ-અલગ સિસ્ટમ સક્રિય છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફની અસરને કારણે કેટલાક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં તો કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી દિવસોમાં 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાઈ શકે છે. ઉત્તર-પશ્ચિમ દિશાના પવનોની ગતિ સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. 24 ફેબ્રુઆરી બાદ હવામાન

...અનુસંધાન પાના 9 પર



### લગ્ન પાર્ટી પ્લોટના આયોજકો મુશ્કેલીમાં

શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં ઝાપટાં બાદ કેટલાંક સ્થળોએ ધોધમાર વરસાદ વરસતાં લોકો આશ્ચર્યચકિત બની ગયા હતા. કમોસમી વરસાદે જનજીવનને અસર કરી તો બીજી તરફ લગ્ન સિઝનમાં પણ અડચણો ઊભી કરી. ખુલ્લા મેદાન અને પાર્ટી પ્લોટમાં તૈયાર કરાયેલા લગ્ન મંડપ, શણગાર અને લાઇટિંગ વ્યવસ્થાઓ પલળી જતાં આયોજકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. વહેલી સવારથી છવાયેલા વરસાદી માહોલને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ

...અનુસંધાન પાના 9 પર



|| શ્રી કૃષ્ણ શરણં મમ્ ||
આથી સખેદ દિલગીરી સહ જણવવાનું કે મારા ધર્મપત્ની અ.શૌ. વિજયાબેન સિધ્ધાર્થ શેઠ નું દુઃખદ અવસાન તા. ૨૦/૦૨/૨૦૨૬ ના રોજ થયેલ છે. પરમાત્મા સદગતના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે તે જ પ્રભુને પ્રાર્થના.
સદગત ની અંતિમયાત્રા તા.૨૧/૦૨/૨૦૨૬ ને શનિવારે સવારે ૧૦ કલાકે અમારા નિવાસસ્થાને થી કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ જહાંગીરપુરા જવા માટે નીકળશે.
અ.શૌ. વિજયાબેન સિધ્ધાર્થ શેઠ
સ્વ. તા. ૨૦-૦૨-૨૦૨૬
લિ. સિધ્ધાર્થ જસવંતલાલ શેઠ, રાહુલ સિધ્ધાર્થ શેઠ (પુત્ર), મંજરી રાહુલ શેઠ (પુત્રવધૂ), હેમલ યોગેન્દ્ર શાહ (જમાઈ), અનુલ હેમલ શાહ (પુત્રી)
નિવાસસ્થાનઃ બંગલા નં. ૧૦૫ સ્નેહ સ્મૃતિ સોસાયટી, અડાજણ પાટિયા, સુરત Mo.: +૯૧ ૯૯૩૦૯૯૧૧૧૬


પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
આપ યાદ આવો હર એક વ્યવહારમાં, ખુશીઓમાં, તહેવારોમાં, જીવંત છો આપ અમારી સુવાસમાં, સ્મરણ તમારૂં થતા મન મૂકીને રડાવતાં, અમારા પ્રત્યે અખૂટલાગણી સાથેનો આપનો માયાળુ સ્વભાવ અને પ્રેમાળ હૃદયથી મમતા સદાયે અમારા હૃદયમાં જીવંત રહેશે. પ્રભુ આપના પવિત્ર આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. પંકજભાઈ હરિભાઈ આહિર
જન્મ તા. ૦૮.૧૦.૧૯૭૨
સ્વ. તા. ૨૧.૦૨.૨૦૨૫
લિ. નાથીબેન હરિભાઈ આહિર (માતા), ગં.સ્વ. ચંચળબેન પંકજભાઈ આહિર (પત્ની), હરિભાઈ બાલુભાઈ આહિર (પિતા), નવનીતભાઈ હરિભાઈ આહિર (ભાઈ), વસંતભાઈ હરિભાઈ આહિર (ભાઈ), રોહન પંકજભાઈ આહિર (પુત્ર), યામિની પંકજભાઈ આહિર (પુત્રી)
નિવાસસ્થાન : બલકસ ગામ, ઓલપાડ, સુરત.


(રાઠોડ પરિવાર) ૧૮મી પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલિ
નાની સી જીંદગી હતી, મોટી માયા લગાડી ગઈ. દિવસોના દિવસો વીતી ગયા.. વર્ષો વીતી ગયા, પણ હજુ સુધી તમારી યાદ કેમ કરીને ભુલાતી નથી. જેમ સવારે સુરજ ઉગે તેમ તમારુ દરરોજ સ્મરણ થાય. કતારગામ કંતારેશ્વર મહાદેવ ના ભગવાન શિવ તમારી રક્ષા કરે. પ્રભુને અમે બધા બસ એજ પ્રાર્થના કરીએ છીએ, કે જે જીવ આવ્યો તમારી પાસે તેની રક્ષા કરશો, એ આત્માને શાંતિ આપશો એ જ અમારી બધાની પ્રભુ પ્રાર્થના.
સ્વ. રાઠોડ બેબીબેન શશીકાંતભાઈ (સુમનભાઈ)
સ્વ.તા.૨૧/૦૨/૨૦૦૮ ગુરુવાર
અઠવાલાઈન્સ, આદર્શ પછાતવર્ગ સોસાયટી, સુરત-૩૯૫૦૦૧
લિ. રાઠોડ શશીકાંતભાઈ (સુમનભાઈ)ડાહ્યાભાઈ (પતિ), પાંડે જયશ્રીબેન અજયભાઈ (પુત્રી), ભવ્ય અજય પાંડે (જયશ્રીબેનનો પુત્ર), રાઠોડ જીજ્ઞેશ શશીકાંતભાઈ (પુત્ર), રાઠોડ મનીષ શશીકાંતભાઈ (પુત્ર), રાઠોડ ભીખીબેન ભાણાભાઈ (બહેન)(સત્યસાંઇ હોસ્પિ.-અલથાણ), રાઠોડ ભાનુબેન ચંદુભાઈ (બહેન)(ગામ-સણીયા-હેમાદ), રાઠોડ મનાભાઈ (ભાઈ) (કતારગામ-કંતારેશ્વર મહાદેવ), રાઠોડ પુનીતાબેન (મનાભાઈની પત્ની), સમસ્ત રાઠોડ પરિવાર


નવમી માસીક શ્રદ્ધાંજલિ
જીવનભર પરિશ્રમનાં દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ચંદનસમુ જીવન જીવી આપ સુખ સૌને દઈ ગયા, આપના જીવનના ઉચ્ચ આદર્શો, નમ્ર અને સરળ સ્વભાવ સેવાની ઉચ્ચ ભાવના, ઉદરતા, ધર્મ પ્રત્યે અતુટ શ્રધ્ધા વિગેરે ગુણો અમોને પ્રેરણારૂપ બની રહેશે. પ્રભુ તમારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.
સ્વ. રણછોડભાઈ ધનજીભાઈ પટેલ
સ્વ.તાઃ ૨૧/૦૫/૨૦૨૫
લિ. સ્વ. રતુબેન રણછોડભાઈ પટેલ, ગં.સ્વ. સવિતાબેન રણજીતભાઈ પટેલ(મગદલ્લા), ભાનુબેન અમરતભાઈ પટેલ(મગદલ્લા), સ્વ. હેમલતાબેન રણછોડભાઈ પટેલ, સુધાબેન હરીશભાઈ પટેલ(પીપલોદ), તારાબેન હરીશભાઈ પટેલ(ભરથાણા), દેવીલાબેન ગીરીશભાઈ પટેલ(ખજોદ)
સ્થળ : પ્લોટ નં, A-43, પરસોત્તમ નગર સોસાયટી, અલથાણ ગાર્ડનની પાછળ, અલથાણ, સુરત.


દુઃખદ અવસાન
અતિ દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી સ્વ.રામીબેન ગોવિંદજી કંથારીયા જેઓનું તારીખ.૨૦/૦૨/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગત ની સ્મશાન યાત્રા તારીખ.૨૧/૦૨/૨૦૨૬ ને શનિવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અમારા નિવાસસ્થાને થી નિકળી કુરૂક્ષેત્ર જહાંગીરપુરા સ્મશાન ભૂમિ પર લઈ જવામાં આવશે. હે પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને ચિર શાંતિ આપે. ઓમ્ શાંતિ શાંતિ શાંતિ.
સ્વ.રામીબેન ગોવિંદજી કંથારીયા
સ્વ. તા. ૨૦/૦૨/૨૦૨૬
શોકાતુર પરિવાર
શ્રી શાંતિલાલ ગોવિંદજી કંથારીયા (પુત્ર)
શ્રી ડી જી કંથારીયા (RTD.DYSP ગુજરાત પોલીસ) (પુત્ર)
સ્વ.રમેશચંદ્ર ગોવિંદજી કંથારીયા (પુત્ર)
હિરલ,સિદ્ધરાજ,હાર્દિક,પ્રતીક (પૌત્ર)
સમસ્ત પાંચ ગામ કંથારીયા પરિવાર
નિવાસસ્થાનઃ- ગામ.કાંસલા બુજરંગ,તા.ઓલપાડ,જી.સુરત.


ભાર્ગવ બ્રાહ્મણ દુઃખદ અવસાન
સ્મશાન યાત્રા – બેસણું
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સ્વજન સ્વ. વિભૂતિબેન જવાહરભાઈ ઉપાધ્યાય તા.૨૦/૦૨/૨૦૨૬ શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્મા સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્ગતની સ્મશાન યાત્રા તા.૨૧/૦૨/૨૦૨૬ શનિવારે સવારે ૧૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી નીકળી રામનાથ ઘેલા સ્મશાન ભૂમિ, ઉમરા, સુરત ખાતે જશે.
સદ્ગતનું બેસણું તા.૨૨/૦૨/૨૦૨૬ રવિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાક દરમ્યાન ભારતીય વિદ્યા સંકુલ, "BPAH" સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.
સ્વ. વિભૂતિબેન જવાહરભાઈ ઉપાધ્યાય
જન્મ.તા.૦૫/૦૬/૧૯૫૧
સ્વ.તા.૨૦/૦૨/૨૦૨૬
લિ. જવાહર રામચંદ્ર ઉપાધ્યાય
તારક ઉપાધ્યાય, હિમાંશી ઉપાધ્યાય, નમીત ઉપાધ્યાય, રિશિત ઉપાધ્યાય, ચિત્તેશ મહેતા, ભ્રાન્તી મહેતા, રોનક મહેતા, જેસીકા મહેતા, વિનિત મહેતા
નિવાસ સ્થાનઃ બી-૧૮, પૂર્ણિમા સોસાયટી, કોટક હાઉસની ગલીમાં, ઘોડદોડ રોડ, સુરત

અવસાન,બેસણું,શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


નવમી વાર્ષિક શ્રદ્ધાંજલિ
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી, કર્મ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કારો આપી જીવન જીવતા શીખવી ગયા, દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ સ્મૃતિ હંમેશા યાદ રહેશે
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. પ્રમીલા વલ્લભરામ કાચીવાલા
સ્વ. તા. ૨૧/૦૨/૨૦૧૭
લિ. વલ્લભરામ રતીલાલ કાચીવાલા
વિમલ - કવિતા રાકેશ - મોહિની
રાજેશ્રી - સુધીર
દર્શીની, રિદ્ધી, મીનલ, પાર્થ, ભુમીકા, માનસી, હરિ, શ્યામલ, હર્ષ, વેનેલા તથા સમસ્ત કાચીવાલા પરિવાર